અંદરો અંદર 'મગજમારી' અને ખેંચતાણને કારણે શહેરના અનેક વિકાસલક્ષી કામો ખોરંભે પડ્યા છે

# પાલિકામાં પદ અને વહીવટી પાંખના 'મન' મળ્યા, પણ પ્રજાના 'ટેક્સ'ના નાણાં વેડફાયા!

ચૂંટણીના નગારા વાગતા જ અટવાયેલા કામોમાં તેજી; અંદાજિત ભાવ કરતા લાખો રૂપિયા વધુ લેતા ઈજારદારોને લીલીઝંડી



(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા મહાનગરપાલિકામાં ચૂંટાયેલી પાંખ અને વહીવટી પાંખ વચ્ચે ચાલી રહેલી 'મગજમારી' અને ખેંચતાણને કારણે શહેરના અનેક વિકાસલક્ષી કામો ખોરંભે પડ્યા હતા. અનેક મહત્વના પ્રોજેક્ટ્સમાં એકમતી ન સધાતા તે સ્થાયી સમિતિના એજન્ડા પર ચઢતા ન હોવાની ચર્ચાઓ પાલિકામાં ગુંજી રહી હતી.

જોકે, આગામી ચૂંટણીનો પડઘાં સંભળાતા જ જાણે આંતરિક વિખવાદો હવામાં ઓગળી ગયા હોય તેમ, સ્થાયી સમિતિમાં એકસાથે રૂ. 230 કરોડના કામો રજૂ કરી દેવામાં આવ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, જે કામો રજૂ કરવામાં આવ્યા છે તેમાં મોટાભાગના કામો પાલિકાએ નક્કી કરેલા અંદાજ કરતા ઘણી વધુ રકમના છે.

આને કારણે પાલિકાએ વધારાનું નાણાકીય ભંડોળ ખર્ચવું પડશે. ખાસ કરીને 'ફ્યુચરિસ્ટિક પ્લાનિંગ સેલ' હેઠળના કામોમાં તો અંદાજ કરતા 20 ટકા જેટલી ઊંચી કિંમતે ભાવપત્રો રજૂ કરાયા છે.

### પશ્ચિમ ઝોન : નવીન સ્વીમીંગ પુલ (અટલાદરા)

◆ સ્થળ: અટલાદરા, ટી.પી. 01, એફ.પી. 76 ◆ શાખા: બિલ્ડીંગ પ્રોજેક્ટ શાખા ◆ ઈજારદાર: વી.સી. પ્રોજેક્ટ એન્ડ ઇન્ફ્રા પ્રા.લી. ◆ અંદાજીત રકમ: રૂ. 11,56,35,569 ◆ મંજૂરી માટેની રકમ: રૂ. 12,37,30,059 (અંદાજ કરતા 7% વધુ)

### દક્ષિણ ઝોન: નવીન સ્વીમીંગ પુલ (માંજલપુર)

સ્થળ: માંજલપુર સ્મશાનની સામે, ટી.પી. 19, એફ.પી. 194 ◆ શાખા: બિલ્ડીંગ પ્રોજેક્ટ શાખા ◆ ઈજારદાર: વી.સી. પ્રોજેક્ટ એન્ડ ઇન્ફ્રા પ્રા.લી. ◆ અંદાજીત રકમ: રૂ. 11,56,35,569 ◆ મંજૂરી માટેની રકમ: રૂ. 12,37,30,059 (અંદાજ કરતા 7% વધુ)

### પૂર્વ ઝોન: નવીન યોગ સેન્ટર (સયાજીપુરા)

◆ સ્થળ: શ્રીજી વિવાની સામે આવેલ બગીચો, સયાજીપુરા ◆ શાખા: બિલ્ડીંગ પ્રોજેક્ટ શાખા ◆ ઈજારદાર: યશ કન્સ્ટ્રક્શન ◆ અંદાજીત રકમ: રૂ. 1,96,69,391 ◆ મંજૂરી માટેની રકમ: રૂ. 2,06,04,621 (અંદાજ કરતા 4.77% વધુ)

### વડસર તળાવ નવીનીકરણ (ફ્યુચરિસ્ટિક પ્લાનિંગ સેલ)

કામગીરી: તળાવનું નવીનીકરણ અને બ્યુટીફિકેશન ◆ વિભાગ: ફ્યુચરિસ્ટિક પ્લાનિંગ સેલ ◆ ઈજારદાર: મે. એકમે કન્સ્ટ્રક્શન ◆ અંદાજીત રકમ: રૂ. 4,68,02,487 ◆ મંજૂરી માટેની રકમ: રૂ. 5,63,96,997 (અંદાજ કરતા 20.50% વધુ)

ફ્યુચરિસ્ટિક પ્લાનિંગ સેલ હેઠળ વડસર તળાવના બ્યુટીફિકેશન માટે મે. એકમે કન્સ્ટ્રક્શન દ્વારા રજૂ કરવામાં આવેલા રૂ. 5.63 કરોડના ટેન્ડરને મંજૂરી આપવા કમિશનર તરફથી ભલામણ કરવામાં આવી છે. આ કામ મૂળ અંદાજ કરતા 20.50 ટકા મોંઘું છે, જે પાલિકામાં ચર્ચાનો વિષય બન્યું છે. એક તરફ પાલિકા આર્થિક સંકટની વાતો કરે છે, બીજી તરફ ચૂંટણી નજીક આવતા જ ઉતાવળે અને અંદાજ કરતા ઊંચા ભાવે કામો મંજૂર કરવામાં આવી રહ્યા છે. રાજકીય મોરચે એવી ચર્ચા છે કે અટવાયેલા કામો પૂરા કરવાના બહાને મળતિયા કોન્ટ્રાક્ટરોને ફાયદો કરાવવા માટે આ ઉતાવળ કરવામાં આવી રહી છે. હવે જોવાનું એ રહેશે કે સ્થાયી સમિતિ આ મોંઘાદાટ ટેન્ડરો પર મંજૂરીની મહોર મારે છે કે કેમ.

બોક્ષ:- પાલિકા દ્વારા જે મુખ્ય કામોને મંજૂરી માટે રજૂ કરાયા છે

આ વિજય માત્ર હસમુખ ભટ્ટનો નથી પણ 4500 ઉમેદવારાનો વિજય થયો

# વડોદરા વકીલ મંડળની ચૂંટણીમાં વિજેતા થયેલા પ્રમુખ ઉમેદવારોએ વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો

**કોઈ** ઉમેદવાર મરણ પામશે અથવા ગંભીર બીમારીથી પીડાતા હશે તો તેમને વકીલ વેલફેર ફંડમાંથી મદદ કરાવશે અને તાજેતરમાં જ બે વકીલોને આ આર્થિક મદદ પૂરી પાડવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા વકીલ મંડળની ચૂંટણીમાં વિજેતા થયેલા પ્રમુખ અને ઉપપ્રમુખ સહિતના ઉમેદવારોએ આજથી વિધિવત ચાર્જ સંભાળ્યો છે. ત્યારે પ્રમુખે આ વિજય માત્ર હસમુખ ભટ્ટનો વિજય થયો નથી પણ 4500 ઉમેદવારોનો વિજય થયો છે. વકીલ મિત્રોની કોઈ પણ સમસ્યા હશે તેનો નિકાલ કરાશે. ઉપરાંત વકીલોની વાહન પાર્કિંગની સમસ્યાનો સમય ટૂંક સમયમાં જ અંત લવાશે. ચોપાઈ વકીલ ઉમેદવાર મરણ પામશે તેમજ કોઈ ગંભીર બીમારીથી પીડાતા હશે તો તેમને માટે વકીલ વેલ્ફેર ફંડમાંથી મદદ કરાશે.

વડોદરા વકીલ મંડળની ગત 19 ડિસેમ્બરના રોજ પ્રમુખ, ઉપપ્રમુખ, જનરલ સેક્રેટરી,ખજાનચી, લાઈબ્રેરી સેક્રેટરી તથા કારોબારીના મળી 37 પદો માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભારે ઉત્સાહભેર 3337 મતદારોએ મતદાન કર્યું હતું. મોડી સાંજ સુધી મત ગણતરી ચાલી હતી. પ્રમુખ પદ માટે નલિન પટેલ તથા હસમુખ ભટ્ટ વચ્ચે ભારે રસાકસી થઈ હતી અંતે હસમુખ ભટ્ટનો જ્વલંત વિજય થયો હતો. જેમાં ઉપપ્રમુખ તરીકે નેહલ સુતરીયા, જનરલ સેક્રેટરી પદ પર રિતેશ ઠક્કર, ખજાનચી તરીકે નિમિષા ધોત્રે સહિતના કારોબારી સભ્યો વિજેતા બન્યા હતા. દરમીયાન આજે 24 ડિસેમ્બરના રોજ પ્રમૂખ અને ઉપપ્રમુખ સહિતના વિજેતા ઉમેદવારોએ વિધિવત ચાર્જ સંભાળ્યો હતો. જેમાં પ્રમુખ ભટ્ટે જણાવ્યું હતું કે 19 ડિસેમ્બરના રોજ યોજાયેલી ચૂંટણીમાં મારો વિજય થયો હતો. જેમાં મને જીતાડવા બદલ તમામ વકીલ ઉમેદવારોનો આભાર વ્યકત કરું છું.

આ ફક્ત હસમુખ ભટ્ટનો વિજય નહીં પણ 4500 વકીલ મતદારોનો વિજય થયો છે. તમામ વકીલોની પાર્કિંગ સમસ્યાનો ટૂંક સમયમાં જ લાવવા માટે પ્રયાસ કરીશ. ઉપરાંત વકીલનું સન્માન ન જળવાતું હોય તેવા તેઓ મને રજૂઆત કરશે તો તેમની મદદ કરવા માટે સદાય તત્પર રહીશ. જો કોઈ વકીલ ઉમેદવાર ખોટું કરાશે તેની તે પણ ચલાવી લેવામાં આવશે નહીં. કોઈ ઉમેદવાર મરણ પામશે અથવા ગંભીર બીમારીથી પીડાતા હશે તો તેમને વકીલ વેલફેર ફંડમાંથી મદદ કરાવશે અને તાજેતરમાં જ બે વકીલોને આ આર્થિક મદદ પૂરી પાડવામાં આવશે.

બીટુમીન મેન્યુફેક્ચરિંગની કામગીરી દરમિયાન શોર્ટ સર્કિટ

# ટેકનોબીટ ઈન્ડસ્ટ્રીઝ કંપનીમાં આગ ભભૂકી, તંત્રમાં દોડધામ

**કરજણ** અને વડોદરા ફાયર વિભાગની ટીમો દ્વારા આગ પર કાબુ મેળવી લેવાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.24

પોર નજીક આવેલા બામણ ગામમાં આવેલી એક ઈન્ડસ્ટ્રીયલ કંપનીમાં આજે અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. બીટુમીન મેન્યુફેક્ચરિંગ કરતી ટેકનોબીટ નામની કંપનીમાં શોર્ટ સર્કિટના કારણે આગ ફાટી નીકળી હતી. જોકે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની નોંધાઈ નથી. વડોદરા શહેર નજીક પોર પાસે આવેલા બામણ ગામમાં ટેકનોબીટ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી. કંપનીમાં બીટુમીન મેન્યુફેક્ચરિંગનું કામ ચાલી રહ્યું હતું. તે દરમિયાન અચાનક શોર્ટ સર્કિટ થવાથી કંપનીમાં આગ ભભૂકી ઉઠી હતી. આગની જાણ થતાં જ વડોદરા અને કરજણ ફાયર સ્ટેશનને તાત્કાલિક કોલ મળ્યો હતો.

જેથી ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી તાત્કાલિક આગ પર કાબૂ મેળવ્યો હતો. સમયસર કાર્યવાહી થવાથી મોટો અકસ્માત ટળી ગયો હતો.

ઘટનામાં કોઈ કર્મચારીને ઈજા કે જાનહાની થઈ નથી. જીઆઈડીસી ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર જયદાન બારોટે જણાવ્યું હતું કે, વડોદરા ફાયર કંટ્રોલરૂમ તરફથી જીઆઈડીસી ફાયર સ્ટેશનની અંદર કોલ મળ્યો હતો કે ટેકનોબીટ કરીને એક ઈન્ડસ્ટ્રીઝ છે. જે બામણ ગામમાં આવેલી છે.

જેનો કોલ મળતા જીઆઈડીસી ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે આવી ગઈ હતી અને આગને સંપૂર્ણ કાબુ કરેલી છે. આ રબર અને ડામરનો પ્લાન્ટ છે રબરને ગરમ કરીને કંઈક વસ્તુ બનાવે છે. આગની આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

સગીરાને બેઝમેન્ટમાં લઇને મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યાં હતા

# સગીરા પર દુષ્કર્મ ગુજારનાર આધેડ આરોપીને 20 વર્ષની કેદ

આરોપીએ સગીરાને રૂપિયા 3 લાખ વળતર ચૂકવવા પણ આદેશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

ગોરવા વિસ્તારમાં સગીરાને કોમ્પલેક્ષના બેઝમેન્ટમાં લઈ જઈને આધેડ વયના આરોપીએ શારીરિક અપડલા કરવા કર્યાં હતા. ત્યારબાદ સગીરા પર તેની મરજી વિરુદ્ધ બળાત્કાર પણ ગુજારવામાં આવ્યો હતો. જો કોઈને આ બાબતની કોઈને જાણ કરીશ તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. ત્યારે આ દુષ્કર્મના આરોપીના મેજિસ્ટ્રેટ દ્વારા 20 વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ઉપરાંત રૂપિયા 3 લાખ વળતર સગીરાને આરોપીએ ચૂકવવા માટેનો પણ આદેશ કર્યો છે. વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં રહેતી સગીર વયની દાકરી શાળામાંથી છુટીને આવી હતી ત્યારે આરોપી અશોક રામા પરમાર (ઉ.વ.58) તેને પકડીને એપાર્ટમેન્ટના મેઝમેન્ટમાં લઈ ગયો હતો. ત્યારબાદ સગીરા સાથે શારીરિક અપડલા કરવા સાથે બીભત્સ હરકતો કરી હતી. ત્યારબાદ આ આધેડ વયના આરોપી સગીરા સાથે તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ ગુજાર્યુ હતું. ઉપરાંત આ વાતની કોઈ જાણ કરીશ તો તેને જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. જેની ફરિયાદ ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી હતી. ત્યારે ગોરવા પોલીસ દ્વારા આરોપી અશોક પરમારની ધરપકડ કરી લેવામાં આવી હતી. દરમિયાન 24 ડિસેમ્બરના રોજ આરોપીના કેસની સુનાવણી અધિક સત્ર ન્યાયાધીશ શકુન્તલા નરેશ સોલંકીની ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ (કોર્ટ)માં ચાલી ગયો હતો. જેમાં આરોપીના વકીલ તથા સરકારી વકીલ દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી.

# રક્ષિત કાંડના મુખ્ય આરોપીને જામીન મળી જતા પીડીત મહિલા સહિતના પરિવાર નારાજ

**હોળીની** રાત્રે ગોઝારો અકસ્માતમાં ભોગ બનનાર પરિવારની હજુ પણ ન્યાય માટે ઝંખના

### રક્ષિતને જામીન ના મળે એવી વ્યવસ્થા કાયદામાં હોય તો એવા એક્શન લેવાવા જોઈએ

હોળીના તહેવારની રાત્રે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જે ઘટનાને 9 જેટલા મહિના થવા આવ્યા છે. જ્યાં સુધી ન્યાય ના મળે ત્યાં સુધી જામીન આપવા એ બરાબર નથી. રક્ષિતને જામીન ના મળે એવી વ્યવસ્થા કાયદામાં હોય તો એ પ્રમાણે એક્શન લેવામાં આવવા જોઈએ. મૃતક મહિલાના સસરા

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા આમ્રપાલી કોમ્પ્લેક્ષ પાસે 9 મહિના પહેલા મોડી રાત્રે નશામાં ચકનાચૂર થઈ રક્ષિત ચોરસિયા ઓવર સ્પીડમાં કાર દોડાવીને 8 લોકોને હવામાં ફંગોળ્યાં હતા.. જેમાં એક મહિલાના ગંભીર ઈજાઓના કારણે કરૂણ મોત નિપજ્યુ હતું. જ્યારે અન્ય 7 લોકોને ઈજાઓ પહોંચી હતી. આ કાંડના મુખ્ય આરોપી રક્ષિત ચોરસિયાને હાઈકોર્ટ દ્વારા મંજૂરી કરી દેવાતા અકસ્માતનો ભોગ બનનાર પરિવારમાં નારાજગી ફેલાઈ હતી અને પીડીત લોકો પણ ન્યાય માટે ઝંખી રહ્યા છે. વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમા આમ્રપાલી કોમ્પ્લેક્ષ પાસે ગત 13 માર્ચ 2025ના રોજ ગાંજાનો નશો કરીને કાર ઓવરસ્પીડમાં કાર દોડાવી ત્રણ મોપેડ પર સવાર 8 લોકોને હવામાં ફંગોળ્યાં હતા. જેમાં ગંભીર ઈજાઓ થવાના કારણે એક મહિલાનું ઘટના સ્થળ પર મોત નિપજ્યું હતું અને અન્ય 7 લોરકોને ગંભીર ઈજાઓ પહોંચતા અલગ અલગ હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યાં હતા. ત્યારે કારેલીબાગ પોલીસ દ્વારા અકસ્માતના મુખ્ય આરોપી રક્ષિત ચોરસીયા સામે માનવવધ સહિતના અલગ અલગ કલમો હેઠળ ગુના પણ દાખલ કરવામાં આવ્યાં હતા. પોલીસે રક્ષિત ચોરસીયાના ધરપકડ કરી જેલે ભેગો કરાયો હતો.

તહેવાર દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ના બને માટે પોલીસ એક્શનમાં

# 31 ડિસેમ્બરને લઈ પોલીસ દ્વારા પેટ્રોલિંગ તથા વાહનચેકિંગ વધુ સઘન બનાવાયું

**વિવિધ** ચેક પોસ્ટ સહિતના વિસ્તારોમાં પોલીસના ધાડેધાડા જોઇ વાહનચાલકોમાં ફફડાટ



(પ્રતિનિધિ) વડોદરા, તા.24

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરે દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ના બને તથા કાયદો વ્યવસ્થા જળવાય તેમજ દારૂ સહિતના નશીલા પદાર્થોની હેરીફેરી રોકી શકાય તેના માટે પોલીસ તંત્ર દ્વારા વાહન ચેકિંગ તથા સઘન પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. રસ્તા પર ચેકિંગ માટે ઉભેલા પોલીસ ધાડેધાડ જોઈને વાહન ચાલકોમાં ફફડાટ પણ ફેલાયો છે. થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરને લઈ બૂટલેગર દ્વારા રેલમછેલ કરવા માટે મોટી માત્રાના દારૂનો જથ્થો ઘુસડતા હોય છે. ત્યારે આ બૂટલેગરોના મનસુબા નાકીયાબ બનાવવા માટે પોલીસતંત્ર એક્શનમાં આવી ગયું છે. દારૂ તથા નશીલ પદાર્થનો નશો કરીને લોકો બેફામ રીતે વાહન દોડાવતા હોય જેના કારણે અકસ્માત થતા નિર્દોષ લોકોએ જીવ ગૂમાવવો પડતો હોય છે. જેને લઈને પોલીસ દ્વારા આવા કોઈ બનાવી નશાખોરોના કારણે ના બને તથા વાહનોમાં દારૂની હેરાફેરી ઝડપાઈ જાય તેના માટે શહેરના અલગ અલગ ચેક પોસ્ટ સહિતના વિસ્તારોમાં ચેકિંગ શરૂ કરવામાં આવી રહ્યું છે. પોલીસ તંત્રે ચેકિંગ શરૂ કર્યું છે જેના કારણે વાહનોના ડોક્યુમેન્ટ્સ તથા ગેરકાયદે વસ્તુની હેરાફેરી કરતા શખ્સોમાં ફફડાટે ફેલાયો છે.

શોર્ટ ટર્મિનેટ થવા વાળી ટ્રેન નંબર 69108 અમદાવાદ-વડોદરા મેમુ

# વડોદરા સ્ટેશન પર એન્જિનિયરિંગ કાર્ય હેતુ બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

તા. 24.થી 17 જાન્યુઆરી સુધી બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન બાજવા-વડોદરા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. ટ્રેન નંબર 69102 અમદાવાદ-વડોદરા મેમુ, તારીખ 24 થી 17 જાન્યુઆરી સુધી બાજવા સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન બાજવા-વડોદરા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. ટ્રેન નંબર 19036 અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ, તારીખ 24 થી 17 જાન્યુઆરી સુધી બાજવા સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન બાજવા-વડોદરા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. ટ્રેન નંબર 12929 વલસાડ-વડોદરા ઈન્ટરસિટી તારીખ 24 થી 17 જાન્યુઆરી સુધી વિશ્વામિત્રી સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન વિશ્વામિત્રી-વડોદરા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. ટ્રેન નંબર 69120 દાહોદ-વડોદરા મેમુ તારીખ 24 થી 17 જાન્યુઆરી સુધી છાયાપુરી સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન છાયાપુરી-વડોદરા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. ટ્રેન નંબર 69118 ગોધરા-વડોદરા મેમુ તારીખ 24 થી 17 જાન્યુઆરી સુધી છાયાપુરી સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન છાયાપુરી-વડોદરા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. જ્યારે, શૉર્ટ ઓરિજિનેટ પ્રારંભ થવા વાળી ટ્રેનોમાં ટ્રેન નંબર 69107 વડોદરા-અમદાવાદ મેમુ તારીખ 24 થી 17 જાન્યુઆરી સુધી બાજવા સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે અને વડોદરા-બાજવા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે. ટ્રેન નંબર 19035 વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ તારીખ 24 થી 17 જાન્યુઆરી સુધી બાજવા સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે અને વડોદરા-બાજવા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

વડોદરાની SSG હોસ્પિટલે હતાશ યુવતીને આપ્યું નવજીવન

# આવેશમાં એસિડ પી લેતી યુવતી માટે તબીબોની કુનેહ અને આયુષ્માન યોજના બની સંજીવની

(પ્રતિનિધિ) વડોદરા, તા.24



વડોદરામાં રહેતી ૨૩ વર્ષીય યુવતી સુમિત્રાએ હતાશાની પળોમાં એસિડ ગટગટાવી લેતા તેમનું જીવન જોખમાયું હતું. શરૂઆતમાં પરિવારજનોએ તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી. ત્યાં આશરે રૂપિયા ત્રણ લાખનો જંગી ખર્ચ કર્યા પછી પણ સુમિત્રાને સંપૂર્ણ સ્વસ્થતા ન મળી. એસિડની તીવ્ર અસરને કારણે તેમની અન્નનળી સંકોચાઈ ગઈ હતી અને જઠરને ગંભીર નુકસાન થયું હતું. પરિણામે, તે મોંઢેથી ખોરાક લઈ શકતી નહોતી અને પેટમાં સીધી નળી (ફીડિંગ ટ્યુબ) મારફતે પ્રવાહી ખોરાક લેવાની ફરજ પડી હતી. ખાનગી હોસ્પિટલની અધૂરી સારવાર અને આર્થિક ભારણથી થાકીને સુમિત્રાએ વડોદરાની મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી એસ.એસ.જી. હોસ્પિટલનો આશરો લીધો. અહીં મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. રંજન ઐયર અને સર્જરી વિભાગના વડા ડો. મુકેશ પંચોલીના માર્ગદર્શન હેઠળ તેમની સારવાર શરૂ થઈ. સર્જરી વિભાગના ડો. સમીર કચેરીવાલા અને તેમની ટીમના તબીબોએ સુમિત્રાનું માત્ર શારીરિક નિદાન જ નહીં, પરંતુ માનસિક કાઉન્સેલિંગ પણ કર્યું. ડોક્ટરના પ્રોત્સાહનથી સુમિત્રાએ મક્કમ મનોબળ સાથે કાયમી ઈલાજ માટે જટિલ સર્જરી કરાવવાનો નિર્ણય લીધો. જટિલ સર્જરી માટે સંમતિ મળતા ડો. સમીર કચેરીવાલા અને તેમની ટીમના સંયુક્ત પ્રયાસના કારણે ૬ થી ૮ કલાકની જહેમત બાદ સફળ સફળતાપૂર્વક પૂર્ણ થઈ. જેના પરિણામે સુમિત્રા હવે પેટ પરની નળીના બદલે કુદરતી રીતે મોંઢેથી જમી શકે છે.

ઓલ્ડ પાદરા રોડ પર 'પાર્કિંગ માફિયા'નો આતંક યથાવત

# દાદાગીરી : ગેરકાયદે નો-પાર્કિંગના બોર્ડ મારી નાગરિકો પાસેથી 1000 સુધીની ઉઘરાણી!

**તંત્ર** અજાણ પણ 'રમેશ મોદી'નો પોતાનો કાયદો; પૈસા ન આપનારના વાહનો પોલીસ પાસે ટો કરાવી હેરાન કરાતા હોવાની કલેક્ટરને ફરિયાદ


### મુખ્ય મુદ્દાઓ

◆ ગેરકાયદેસર બોર્ડ: કોર્પોરેશન કે પોલીસની મંજૂરી વગર 'નો પાર્કિંગ'ના બોર્ડ લગાવ્યા.

◆ તોડબાજી: પાર્કિંગના નામે વાહનચાલકો પાસેથી 500 થી 1000ની ઉઘરાણી.

ધમકી: પૈસા ન આપનારના વાહનો ટ્રાફિક પોલીસ દ્વારા ટો કરાવી દેવાની ધમકી.

તપાસની માંગ: જર્જરિત મકાનની આડમાં ચાલતી આ ગેરકાયદે પ્રવૃત્તિ બંધ કરી આરોપી રમેશ મોદી પર કાયદેસરના પગલાં ભરવાની માંગ.




(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા શહેરના પોશ ગણાતા ઓલ્ડ પાદરા રોડ પર ટ્યુબ કંપનીની સામે આવેલા એક જર્જરિત મકાનના માલિક દ્વારા જાહેર માર્ગ પર ગેરકાયદેસર રીતે 'નો પાર્કિંગ'ના બોર્ડ મારીને વાહનચાલકોને ધમકાવવાનો અને નાણાં પડાવવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ માથાભારે શખ્સ સામે સ્થાનિક રહીશો અને એડવોકેટે એકઠા થઈ કલેક્ટર તેમજ પોલીસ કમિશનરને આવેદનપત્ર આપી કડક કાર્યવાહીની માંગ કરી છે. ઓલ્ડ પાદરા રોડ પર ટ્યુબ કંપનીની સામે રમેશ મોદી નામનો વ્યક્તિ પોતાના જર્જરિત મકાનની બહાર જાહેર જગ્યામાં 'નો પાર્કિંગ'ના બોર્ડ લગાવીને બેસે છે. જો કોઈ નાગરિક ત્યાં ભૂલથી પણ પોતાનું વાહન પાર્ક કરે, તો આ શખ્સ તેની સાથે અસભ્ય વર્તન કરી 500 થી 1000ની ગેરકાયદેસર માંગણી કરે છે. જો વાહનચાલક પૈસા આપવાની ના પાડે, તો તે પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપે છે અથવા ટ્રાફિક પોલીસની ક્રેન બોલાવી વાહન ઉપડાવી દઈ મેમો અપાવે છે. આ મામલે એડવોકેટ રાજેશ મુળચંદાનીએ જણાવ્યું હતું કે, "મારી પત્નીને ગાયનેકોલોજીની તકલીફ હોવાથી હું અવારનવાર આ વિસ્તારની હોસ્પિટલમાં આવું છું. તે સમયે આ રમેશ મોદી નામના શખ્સે મારી અને મારી પત્ની સાથે અત્યંત ખરાબ વર્તન કર્યું હતું. જ્યારે મેં કોર્પોરેશન અને પોલીસ વિભાગમાં તપાસ કરી, ત્યારે જાણવા મળ્યું કે તંત્ર દ્વારા ત્યાં કોઈ 'નો પાર્કિંગ' ઝોન જાહેર કરાયો નથી કે કોઈ સત્તાવાર બોર્ડ લગાવાયા નથી. આ શખ્સ તંત્રના નામે પોતાની ખાનગી ઉઘરાણી ચલાવી રહ્યો છે." સ્થાનિક રહીશોનો આરોપ છે કે આ શખ્સના ડરને કારણે લોકો ત્યાંથી પસાર થતા પણ ગભરાય છે. રમેશ મોદી દ્વારા ઊભી કરવામાં આવેલી આ 'દાદાગીરી'નો અંત લાવવા માટે આજે મોટી સંખ્યામાં લોકોએ કલેક્ટર કચેરી અને પોલીસ કમિશનર કચેરીએ જઈ રજૂઆત કરી હતી.

મકરપુરા જીઆઇડીસીમાં આવેલી કંપનીમા સતત ત્રીજીવાર તસ્કરો ત્રાટક્યા

# મોડી રાત્રીના સમયે મકાનમાંથી સ્ટીલની પ્લેટો સહિત રૂ.75 હજારની મતાની ચોરી

તારા સ્ટીલ ફેબ્રિકેટેડ કંપનીના માલિકે ચોરીની ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

મકરપુરા જીઆઈડીસીમાં થયેલા બે ચોરીના બનાવ બાદ વધુ એક કંપનીમાં તસ્કરોએ હાથફેરો કર્યો છે. માલિક સહિતના કર્મચારીઓ રાત્રીના સમયે કંપની બંધ કરીને ગયાં હતા. તે દરમિયાન મોડીરાત્રીના સમયે તસ્કરો ગેટ પર મારેલા તાળુ તોડીને કંપનીમાં પ્રવેશ્યાં હતા અને રૂપિયા 70 હજાર સ્ટીલ 10 કિલોની બે પ્લેટો તથા કોપર વાયર રૂ. 15 હજાર મળી રૂ. 75 હજારની મતાની ચોરી રફુચક્કર થઈ ગયાં હતા. બાજુની કંપનીવાળાએ જાણ કરતાં કંપની માલિકે દોડી જઈને તપાસ કર્યા બાદ ચોરીની ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલી રૂપલ સોસાયટી-03માં રહેતા અતુલભાઈ મણીલાલ પંચાલ મકરપુરા જીઆઈડીસીમાં કંપની તારા સ્ટીલ ફેબ્રીકેટેડ નામની કંપની ધરાવે છે. તેમની કંપનીમાં જોબ વર્કમાં સ્ટેનલેસ સ્ટીલની પ્લેટોમાંથી હેંગર પેડ બનાવી અલગ-અલગ કંપનીઓને સપ્લાય કરવામાં આવતા હોય છે. ગત 1 નવેમ્બરના રોજ માલિકે કંપની પર આવી પહોચ્યાં હતા અને સવારે 8.30 વાગ્યાના અરસામાં ખોલી અને સાંજના 7 વાગે કામ પતી ગયા બાદ રાબેતા મુજબ કંપનીના માણસોએ કંપનીના મુખ્ય ગેટને બંધ કરી તાલુ મારી ઘરે ગયાં હતા. રાત્રીના સુમારે તેમની કંપનીની બાજુમાં રહેતા વ્યક્તિએ તેમને ફોન કરી જણાવ્યું હતું કે તમારી કંપનીના ગેટે મારેલ તાળુ તુટેલુ છે. જેથી માલિક તાત્કાલિક કંપની પર પહોંચી ગયા હતા અને તપાસ કરી હતી ત્યારે કંપનીના મુખ્ય ગેટને તોળુ તુટેલુ જણાયું હતું અને કંપનીમાં અંદર જઈને તપાસ કરતા સ્ટીલની બે પ્લેટોની કિંમત રૂ.70 હજાર તથા એક કોપર વાયર રૂ.5 હજાર મળી રૂ.75 હજાર મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આખરે કંપનીના માલિકે અતુલભાઈ પંચાલે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.